# મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

જાહેરનામું ક્રમાંક : પરીક્ષા / સંચાલન / 1526/2026 **Date: 20/06/2025**

**પરિપત્ર :-**

વિષય:- **June-July-Aug-2026 દરમ્યાન લેવાનાર *NEP U.G. Semester – 6 (Repeater)* પરીક્ષા લેવા અંગે.**

આથી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર સંચાલિત/સંલગ્ન અભ્યાસક્રમની કોલેજો / અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, માહે **June-July-Aug-2026** દરમ્યાન ***NEP U.G. Semester – 6 (Repeater)*** પરીક્ષા માટે આપની કોલેજ/સંસ્થાના વિદ્યાર્થીઓને પરીક્ષાનું આવેદનપત્ર ઓનલાઈન ભરવાની જાણ કરવાની રહેશે. વિદ્યાર્થીએ પરીક્ષાનું આવેદનપત્ર ઓનલાઈન ભરવાની તથા કોલેજ/ભવને કરવાની કાર્યવાહી માટે નીચે દર્શાવેલ બાબતો ખાસ ધ્યાને લઈ પરીક્ષાનું આવેદનપત્ર ભરવાની તકેદારી રાખવાનું જણાવવામાં આવે છે.

**અગત્યની સૂચનાઓ :**

1. પરીક્ષાર્થીઓ જયારે આવેદનપત્ર ભરે ત્યારે ધોરણ –૧૨ની માર્કશીટ મુજબનું આવેદન પત્રમાં નામ છે કે કેમ તે ચકાસી લેવું. જો તે મુજબ નામ ન હોય તો વિદ્યાર્થીએ આધાર સાથે તેઓની કોલેજ/ભવન/સંસ્થામાં અરજી કરવાની રહેશે અને પોતાનું નામ સુધારી લેવાનું રહેશે અન્યથા આવેદનપત્રમાં ભરેલ નામ મુજબની માર્કશીટ આવશે જેની નોંધ લેવી.
2. વિદ્યાર્થીએ ભરેલ પરીક્ષાના આવેદનપત્રમાં તેના વિષયો રેગ્યુલર/પાર્ટ/એટીકેટી તમામ ચેક કરી લેવું.
3. એકેડેમિક કાઉન્સિલની તારીખ : ૦૧/૦૭/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક : (૫) મુજબ તથા પરીક્ષા વિભાગના પરિપત્ર ક્રમાંક પરીક્ષા / સંચાલન / ૫૨૩૬ / ૨૦૧૨ તારીખ : ૨૬/૦૭/૨૦૧૨ માં દર્શાવ્યા મુજબ તેમજ ઓર્ડીનન્સ ૭૫ મુજબ સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમના વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્ર માન્ય કરતી વખતે તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે. વધુમાં જણાવવાનું કે જે તે વિદ્યાર્થી ઈન્ટરનલમાં નાપાસ થવાના કારણે અથવા અપૂરતી હાજરીના કારણે જો ડીટેઈન થાય તો તે અંગેની જાણ યુનિવર્સિટીની પરીક્ષા શરુ થાય તે પહેલાના ૧૦ દિવસ અગાઉ બિનચૂક યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને કરવાની રહેશે. જો કોઈપણ સંજોગોમાં ડીટેઈન થનાર વિદ્યાર્થી પરીક્ષામાં બેસશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે – તે કોલેજ / ભવનના આચાર્યશ્રી / અધ્યક્ષશ્રીની રહેશે.
4. જે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના નિયમો અને જોગવાઈઓ મુજબ સ્નાતક કક્ષાએ એનરોલમેન્ટ અથવા અનુસ્નાતક કક્ષાએ રજીસ્ટ્રેશન ફરજીયાત હોય આવા એનરોલમેન્ટ તથા રજીસ્ટ્રેશન કરાવેલ વિદ્યાર્થીઓ જ પરીક્ષાનું આવેદનપત્ર ભરી શકશે. એનરોલમેન્ટ કે રજીસ્ટ્રેશન ન કરાવેલ વિદ્યાર્થીઓના પરીક્ષાનું આવેદનપત્ર કોઈપણ સંજોગોમાં સ્વીકારાશે નહિ અને જો આવા વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

5. કોપી કેસ(MPEC)માં થયેલ સજા કે નિર્ણય અંગેની લેખિત જાણ વિદ્યાર્થી કે કોલેજને કરવામાં આવેલ હોય તે મુજબ સજાનો સમયગાળો પૂર્ણ થયેલ હોય તો જ પરીક્ષાનું આવેદનપત્ર માન્ય રહેશે અન્યથા જો આવા વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.
6. વિદ્યાર્થીએ / કોલેજે પરીક્ષાનુ આવેદનપત્રમાં પોતાનું નામ – વિષયો – અભ્યાસક્રમ - વિષયોનું ગ્રુપ પરીક્ષાનું આવેદનપત્ર ભરતી વખતે / માન્ય કરતી વખતે અવશ્ય ધ્યાન રાખવું.
7. એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તારીખ : ૧૩/૦૪/૨૦૨૩ની સભામાં રજુ થયેલ બાબત ક્રમાંક : (૧૯) અન્વયે પરીક્ષા વિભાગના પત્ર ક્રમાંક : પરીક્ષા/સંચાલન/૨૫૨/૨૦૨૩ તા.૧૫/૦૫/૨૦૨૩થી તમામ વિદ્યાર્થીઓ માટે નિયત કરેલ પરીક્ષા ફી ના દરો મુજબ પરીક્ષા ફી ભરવાની /ચૂકવવાની રહેશે.
8. ઓર્ડીનન્સ ૫૪(૩) અન્વયે અનામત રહેલ પરિણામવાળા વિદ્યાર્થીઓ જે તે અનામત પરિણામવાળી કે ત્યારબાદના આગળના વર્ષ / સેમેસ્ટરની પરીક્ષા આપી શકશે નહીં અને જો આવા વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.
9. આપણી યુનિવર્સિટીમાં હાલ રીઝલ્ટ ઈમ્પૃવ્મેન્ટ માટે પરીક્ષા આપવાની જોગવાઈ ન હોય રી-એસએસમેન્ટ / રીચેકિંગ કે અન્ય કોઈપણ કારણોસર (લાગુ પડતાં અભ્યાસક્રમોમાં) જે તે પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીનું ફરીથી તે જ પરીક્ષાનું ફોર્મ માન્ય કરવું નહિ / વિદ્યાર્થીએ પરીક્ષાનું આવેદનપત્ર ભરવું નહિ.
10. સેમેસ્ટર પ્રથામાં જે તે સેમેસ્ટરની પરીક્ષા માટે ટર્મ ગ્રાન્ટ થયા બાદ જે તે વિદ્યાર્થીએ પરીક્ષા આપી હશે તો જ તેને આગળના સેમેસ્ટરમાં પ્રવેશ આપવો તેનું ચુસ્તપણે પાલન થાય તે જોવું. વધુમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તારીખ : ૧૮/૦૫/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક : (૧) અન્વયે પરીક્ષા ફોર્મ ભરવાની નિયત સમય મર્યાદા બાદ રજૂ થતાં પરીક્ષા ફોર્મ માટે પરીક્ષા શરુ થવાના ૨ દિવસ અગાવ રૂ.૧૦૦૦/- લેઈટ ફી સ્વીકારવામાં આવશે. ત્યારબાદ કોઈપણ સંજોગોમાં પરીક્ષાનું આવેદનપત્ર સ્વીકારવામાં આવશે નહિ.
11. યુનિવર્સિટીમાં હાલમાં અમલમાં હોય તેવા તથા વખતો વખત બહાર પાડવામાં આવતા નિયમોનું પાલન કરવાનું રહેશે.

**:: વિદ્યાર્થીએ પરીક્ષાનું આવેદનપત્ર ઓનલાઈન ભરતી વખતે ધ્યાને લેવાની વિગતો ::**

1. સૌ પ્રથમ વિદ્યાર્થીએ પોતાના કોર્ષની પસંદગી કરવાની રહેશે.
2. ત્યારબાદ વિદ્યાર્થીએ પોતાનો UNIQ-ID અથવા Enrollment Number અથવા BU-ID એન્ટર કરવાનો રહેશે. (ઉક્ત ત્રણ પૈકી કોઈપણ એક નંબર એન્ટર કરવાનો રહેશે.)
3. ત્યારબાદ વિદ્યાર્થીએ પોતાનો મોબાઈલ નંબર એન્ટર કરવાનો રહેશે.
4. એન્ટર કરેલ મોબાઈલ નંબર પર એક વન ટાઈમ યુઝર પાસવર્ડ SMS દ્વારા મળશે. જે એન્ટર કર્યા બાદ વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ખુલશે.
5. ખુલેલા ફોર્મ માં વિદ્યાર્થીએ જ્યાં ઓપ્શનલ વિષયો હોય ત્યાં જ માત્ર પરીક્ષાના વિષયો જ સિલેક્ટ કરવાના છે. જ્યાં બધા કમ્પલસરી વિષયો હોય ત્યાં વિષયો સિલેક્ટ કરવાના રહેશે નહિ. વધુમાં અન્ય કોઈપણ સુધારો કરી શકાશે નહિ.
6. જો વિદ્યાર્થીને અગાઉના વર્ષમાં FAIL કે ATKT હશે તો તે પણ ફોર્મ વિદ્યાર્થીને અલગ ભરવાનું રહેશે. (નોંધ :)

7. ફોર્મ ભરાયા પછી વિદ્યાર્થીએ પરીક્ષા ફી ONLINE ભરવાની રહેશે.
   A. વિદ્યાર્થીએ ઓનલાઈન ફી ભરવા માટે ONLINE PAYMENT GATEWAY પર જવાનું રહેશે.
   B. વિદ્યાર્થી ONLINE PAYMENT માટે કોઈપણ ATM CARD / DEBIT CARD થી ફી ભરી શકશે.
   C. ATM CARD / DEBIT CARD પર છાપેલ નંબર એન્ટર કર્યા બાદ તેના પર છાપેલ કાર્ડની વેલીડીટી એન્ટર કર્યાબાદ મોબાઈલ નંબર એન્ટર કરવાનો રહેશે.
   D. ફરી એન્ટર કરેલ મોબાઈલ નંબર પર બીજો વન ટાઈમ યુઝર પાસવર્ડ SMS દ્વારા મળશે જે એન્ટર કર્યા બાદ PAYMENTની પ્રક્રિયા ચાલુ થશે.
8. જે પૂર્ણ થયા બાદ નવી સ્ક્રીન ખુલશે જેમાં પ્રિન્ટનો ઓપ્શન આવે ત્યારબાદ ફોર્મ ની પ્રિન્ટ કરી લેવી ત્યારબાદ જ આપનું પરીક્ષા ફોર્મ / પરીક્ષા ફી ભરાયેલી માન્યરહેશે.જો ઉક્ત પ્રક્રિયા પૂર્ણ કર્યા પહેલા આપ INTERNET EXPLORER બંધ કરી દેશો તો આપનું પરીક્ષા ફોર્મ ભરાશે નહિ જે અંગે સંપૂર્ણ જવાબદારી આપની રહેશે.
9. ઉપરોક્ત ફોર્મ / ફી રિસીપ્ટની પ્રિન્ટ કર્યા બાદ આપની પાસે સાચવી રાખવી અને કોલેજ દ્વારા આપનું ફોર્મ એલીજીબલ / નોટ એલીજીબલ થયા બાદ આપના મોબાઈલમાં તે અંગેનો SMS આવશે. આપનું ફોર્મ એલીજીબલ ના થાય તો કોલેજનો સંપર્ક કરવો.
10. આપનું ફોર્મ જો કોલેજ દ્વારા એલીજીબલ થશે તો યુનીવર્સીટી WEBSITE પર જઈ આપની હોલ-ટીકીટ પ્રિન્ટ કરવા અત્રેથી પ્રેસનોટમાં જણાવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
11. જાહેરનામામાં દર્શાવેલ તારીખો અને સમય બાદ આપનું પરીક્ષા ફોર્મ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ.

**<u>::કોલેજે વિદ્યાર્થી દ્વારા ભરાયેલ આવેદનપત્ર માન્ય / અમાન્ય કરવાની પ્રક્રિયા વખતે ધ્યાને લેવાની વિગતો:</u>**

1. વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મ ભર્યા બાદ ફી ONLINE PAYMENT GATEWAYથી કરેલ હશે તેવા વિદ્યાર્થીઓ આપના પોર્ટલ પર દેખાશે.
2. આપના પોર્ટલ પર આ વિદ્યાર્થી નું સ્ટેટસ PENDING દેખાશે.
3. આપના પોર્ટલ પર દેખાતા વિદ્યાર્થીનું નામ, વિષયો, પરીક્ષામાં વિદ્યાર્થીના વિષયોમાં સુધારો આપ કરી શકશો નહી.
4. જે વિદ્યાર્થીને આપ પરીક્ષા ફોર્મ ભરવા એલીજીબલ કરવા ઈચ્છતા હો તેના માટે તમે નીચેના ગ્રીન બટન પર ક્લિક કરો. (આ વિદ્યાર્થી નું સ્ટેટસ એલીજીબલ લખાઈને ગ્રીન દેખાશે)
5. જે વિદ્યાર્થીને આપ પરીક્ષા ફોર્મ ભરવા એલીજીબલ કરવા ઈચ્છતા ન હો તેના માટે તમે નીચેના લાલ બટન પર ક્લિક કરો. (આ વિદ્યાર્થી નું સ્ટેટસ નોટ-એલીજીબલ લખાઈને લાલ દેખાશે)
6. આપના દ્વારા એલીજીબલ કરાયેલ વિદ્યાર્થીના જ સંબંધીત પરીક્ષાના સીટ નંબર ફાળવાશે PENDING / નોટ એલીજીબલ સ્ટેટસ વાળા વિદ્યાર્થીનો સીટ નંબર પરીક્ષા વિભાગ દ્વારા ફાળવાશે નહિ જેની અચૂક નોંધ લેવી. ઉકત દર્શાવેલ તારીખો અને સમય બાદ આપના પોર્ટલ પર પરીક્ષાલક્ષી કોઈપણ કામ કરી શકશો નહિ

| Sr.No | Exam Name | Online Form Start Date | Online Form End Date | Online Form Verification Date | Exam Tentative Date | Exam Fees |
|---|---|---|---|---|---|---|
| **Arts Faculty** | | | | | | |
| 1 | 2127-Bachelor of Arts - Semester 6 (NEP) | 22-06-2026 | 29-06-2026 | 30-06-2026 | 09-07-2026 | Theory: ₹524<br>With Practical: ₹684 |
| **Commerce Faculty** | | | | | | |
| 1 | 2128-Bachelor of Commerce - Semester 6 (NEP) | 22-06-2026 | 29-06-2026 | 30-06-2026 | 09-07-2026 | Theory: ₹524<br>With Practical: ₹684 |
| **Management Faculty** | | | | | | |
| 1 | 2124-Bachelor of Business Administration - Semester 6 (NEP) | 22-06-2026 | 29-06-2026 | 30-06-2026 | 09-07-2026 | ₹1156 |
| **Rural Faculty** | | | | | | |
| 1 | 2130-Bachelor of Social Work - Semester 6 (NEP) | 22-06-2026 | 29-06-2026 | 30-06-2026 | 09-07-2026 | ₹1129 |
| 2 | 2131-Bachelor of Rural Studies - Semester 6 (NEP) | 22-06-2026 | 29-06-2026 | 30-06-2026 | 09-07-2026 | ₹694 |

## Science Faculty

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | **2125-Bachelor of Computer Application - Semester 6 (NEP)** | **22-06-2026** | **29-06-2026** | **30-06-2026** | **09-07-2026** | **₹1189** |
| 2 | **2126-Bachelor of Science - Semester 6 (NEP)** | **22-06-2026** | **29-06-2026** | **30-06-2026** | **09-07-2026** | **Theory: ₹567**<br>**With Practical: ₹380** |
| 3 | **2129-Bachelor of Science (I.T.) - Semester 6 (NEP)** | **22-06-2026** | **29-06-2026** | **30-06-2026** | **09-07-2026** | **₹1189** |

20/06

કા. કુલસચિવ

પ્રતિ,

**૧.આચાર્યશ્રી/અધ્યક્ષશ્રી તમામ યુનિવર્સિટી સંચાલિત/સંલગ્ન તમામ કોલેજ તથા ભવનો તરફ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.**

**નકલ સવિનય રવાના:**

(૧) કુલપતીશ્રીના રહસ્ય સચિવશ્રી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.

(૨) કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.

(3) સિસ્ટમ એનાલિસ્ટ, કૉમ્પ્યુટર સેન્ટર, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી (વેબસાઈટ પર મૂકવા સારું)